સત્યમેવ જયતે

જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી

ક્રમાંક/જિ.ર.ગ.અ./૨૦૧૮-૧૯/રા.ક/૧૬૪૫-૧૭૦૦
જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી
" સી " બ્લોક, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ
સેકટર-૧૧, ગાંધીનગર.
ફોન નં: ૦૭૯ ૨૩૨૪૦૩૨૪, ૯૨૨૮૪૧૦૧૦૧
તારીખ : ૨૦/૧૧/૨૦૧૮
dsogandhinagarcity15@gmail.com

# સુધારા પરિપત્ર

પ્રતિ,
જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૮ રાજ્યકક્ષાની સ્પોર્ટ્સ ક્લાઇમ્બીંગ અં-૧૪,૧૭ અને ઓપન ભાઈઓ / બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ખેલમહાકુંભ- ૨૦૧૮ અંતર્ગત રાજ્યકક્ષા સ્પોર્ટ્સ ક્લાઇમ્બીંગ અંડર -૧૪,૧૭ અને ઓપન એજગૃપ ભાઈઓ / બહેનો સ્પર્ધાનું આયોજન તા. ૨૩/૧૧/૨૦૧૮ થી તા. ૨૭/૧૧/૨૦૧૮ દરમ્યાન આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ થનાર છે. જે અંગેની આપના જિલ્લાની એન્ટ્રી અત્રેના ઈ.મેઈલ આઈ-ડી dsogandhinagarcity15@gmail.com ઉપર તા. ૨૨/૧૧/૨૦૧૮ સુધીમાં મોકલી આપવા વિનંતી. અને ભાગ લેનાર ખેલાડીઓને આ સાથે સામેલ કાર્યક્રમ મુજબ જાણ કરી સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

રીપોર્ટીંગ તારીખ અં-૧૪ ભાઇઓ/બહેનો :- ૨૩/૧૧/૨૦૧૮ સાંજે ૦૬:૦૦ કલાકે

રીપોર્ટીંગ તારીખ અં-૧૭ ભાઇઓ/બહેનો :-૨૩/૧૧/૨૦૧૮ સાંજે ૦૬:૦૦ કલાકે

રીપોર્ટીંગ તારીખ ઓપન ભાઇઓ/બહેનો :- ૨૩/૧૧/૨૦૧૮ સાંજે ૦૬:૦૦ કલાકે

રીપોર્ટીંગ નિવાસ સ્થળ ભાઇઓ / બહેનો : બોરીજ ભવન, અક્ષરધામની સામે બોરીજ, ગાંધીનગર

સ્પર્ધા તારીખ : ૨૩- ૧૧-૨૦૧૮ થી ૨૭/૧૧/૨૦૧૮ દરમ્યાન

સ્પર્ધા સ્થળ ભાઇઓ / બહેનો : ગુજરાત પોલીસ એકેડેમી,કરાઇ, નાના ચિલોડા થી ગાંધીનગર રીંગ રોડ, ગાંધીનગર

સ્પર્ધા ટેકનીકલ સંપર્ક નંબર : ૧) શ્રી નિરત ભટ્ટ (ક્લાઇમ્બીંગ વર્લ્ડ ચેરમેન) :- ૯૯૦૯૯ ૦૪૪૪૨

કાર્યાલય / નિવાસ સંપર્ક નંબર : ૧) શ્રી જીતેન્દ્ર પટેલ (પ્રા.યુ.વિ.અ) :- ૭૫૬૭૯ ૧૩૮૫૮
૨) શ્રી હાર્દિક રાઠોડ :- ૯૮૨૪૮ ૭૬૧૪૯

નોંધ :- કરાઇ પોલીસ એકેડેમી પહોંચવા માટે નાના ચિલોડા થી ગાંધીનગર રીંગ રોડ જતા તપોવન સર્કલ ની વચ્ચે બ્રાઇટ સ્કુલ ઉતરવું ત્યાં અંદરની બાજુ આવેલ છે.

Scanned by CamScanner

❖ સ્પર્ધા અંગે જરૂરી સૂચના :-

(૧) દરેક ખેલાડીની ઓનલાઈન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે. તેમજ ઓનલાઈન આઈ.ડી. નંબર વાળા જ ખેલાડીઓને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે. તેમજ સ્પર્ધે કે સ્પર્ધા અનુસાર ગણવેશને શુઝની વ્યવસ્થા કરીને આવવાનું રહેશે.

(૨) ભાગ લેવા આવનાર ખેલાડીઓની K.M.K ID વાળી એન્ટ્રી તથા એલીજીબીલીટી ફોર્મ જે તે જિલ્લા રમતગમત અધિકારીના સહી સિક્કા કરીને સાથે લાવવાની રહેશે.

(૩) સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજીયાત રહેશે.

(૪) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત પણે પોતાની શાળાનું બોનાફાઇડ પ્રમાણપત્ર / આધારકાર્ડ / જન્મ તારીખનો દાખલો / રહેઠાણ / ફોટો આઈ.ડી અને બેન્ક એકાઉન્ટની માહીતી ના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.

(૫) સ્પર્ધા નિવાસ સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. તેમજ સ્પર્ધા સ્થળે/ નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/ મેનેજરે ભરપાઈ કરવાની રહેશે.

(૬) સ્પર્ધા પુર્ણ થયે ટીમોએ તાત્કાલિક પરત જવાનું રહેશે અને નિવાસ ખાલી કરવાનો રહેશે.

(૭) જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ-ભોજનની વ્યવસ્થા જાતે જ કરવાની રહેશે.

(૮) સ્પર્ધામાં આવનાર સાંજે રીપોર્ટીંગ કરનાર તમામ ટીમો માટે બપોર બાદ સાંજથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

(૧૦) ખેલાડીએ પોતાની સાથે કોઈપણ કિંમતી વસ્તુ લાવવી નહી નહિતર જવાબદારી ખેલાડી/ મેનેજરની રહેશે. ખેલાડી સાથે આવનાર કોઇ પણ વ્યક્તિની નિવાસ કે ભોજનની વ્યવસ્થા કરી આપવામાં નહી આવે જે આવનાર વ્યકતિએ જ કરવાની રહેશે.

નોંધ :- સીધી રાજ્યકક્ષાની સ્પર્ધા હોવાથી પ્રવાસ ખર્ચના નાણાં ચુકવવામાં આવશે નહી. ખેલાડીઓએ પોતાના ખર્ચેજ આવવા-જવાનું રહેશે. ફક્ત નિવાસ – ભોજનની વ્યવસ્થા મળશે. જેની ખાસ નોંધ લેવી.

જિલ્લા રમતગમત અધિકારી
ગાંધીનગર

**સવિનય નકલ રવાના જાણ સારૂ :-**

૧) માન. સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨) માન. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
૩) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
૪) માન. કમિશનરશ્રી, ગાંધીનગર મહાનગરપાલિકા, ગાંધીનગર
૫) માન. કલેક્ટરશ્રી, ગાંધીનગર
૬) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર
૭) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
૮) માન. ડી.આઇ.જીશ્રી પોલીસ કરાઇ એકેડમી, કરાઇ ટ્રેનીંગ સેન્ટર, ગાંધીનગર
૯) એડિશનલ ડી.જી.પીશ્રી પોલીસ ટ્રેનીંગ, પોલીસ ભવન, ગાંધીનગર
૧૦) માન. નાયબ માહિતી નિયામકશ્રી, ગાંધીનગર, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૧) સિનિયર કોચશ્રી તમામ ગુજરાત રાજ્ય.
૧૨) નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ ૨૦૧૮, સ્પોર્ટ્સ કલાઇમ્બીંગ રાજ્યકક્ષા સ્પર્ધા.
૧૩) પ્રમુખશ્રી / મંત્રીશ્રી ગુજરાત સ્પોર્ટ્સ કલાઇમ્બીંગ એસોશીયેશન.
૧૪) ચેરમેનશ્રી, ક્લાઇમ્બીંગ વર્લ્ડ, અમદાવાદ

Scanned by CamScanner